॥ श्रीउपदेशग्रंथावलि ॥

॥ अंक ओगणएंशीमो ॥

॥ श्रीव्यासभगवाननो सिद्धांत ॥

[६]

પૂજ્યચરણ શ્રીશંકરાચાર્યજીની યોગ્યતા શ્રીઆદિત્યપુરાણમાં નીચે પ્રમાણે જણાવી છેઃ—

"व्याकुर्वन् व्याससूत्राणि श्रुतेरर्थं यथोचितान् ।
स एवार्थः श्रुतेर्ग्राह्यः शंकरः सवितानन: ॥"

સં ૧૯૮૭ (શક ૧૮૫૩) આષાઢસુદિ પૂર્ણિમા. આવૃત્તિ પહેલી. પ્રતિ ૨૨૧૧

યોજનારઃ—બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીમન્ નથુરામશર્મા

બીલખા—કાઠિયાવાડ

મુમુક્ષુઓને મનન કરવામાટે વિનામૂલ્યે આપવા પ્રકટ કરનાર

…સિંહ ચાંપસિંહ બુદ્ધદેવ તથા હીરાચંદ ચાંપસિંહ બુદ્ધદેવ

રાજકોટ—કાઠિયાવાડ

…વાદ-ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

ભાવાર્થઃ—શ્રીવ્યાસભગવાનનાં સૂત્રોનું વ્યાખ્યાનરૂપ ભાષ્ય કરતાં શ્રુતિઓનો જે **અર્થ શ્રીમચ્છંક**રાચાર્યજીએ કરેલો છે તેજ **અર્થ** શ્રુતિનો ગ્રહણ કરવાયોગ્ય છે, કેમકે તેઓ શ્રુતિઓના સત્યાર્થનો પ્રકાશ કરનારા સાક્ષાત્ **શંકર છે.**

શ્રીકૂર્મપુરાણમાં પણ તેઓવિષે નીચે પ્રમાણે કહ્યું છેઃ—

"करिष्यत्यवताराणि शंकरो नीललोहितः।
श्रौतस्मार्तप्रतिष्ठार्थं भक्तानां हितकाम्यया।
उपदेक्ष्यति तच्छास्त्रं यज्ज्ञानं ब्रह्मसंज्ञितम्॥"

ભાવાર્થઃ—પુણ્યશાલી મનુષ્યોના કલ્યાણસારુ શ્રુતિએ ને સ્મૃતિએ **કહેલા ધર્મની સુસ્થિરતા કરવામાટે** પોતાના ભકતોનું કલ્યાણ કરવાની ઇચ્છાવડે નીલલોહિત એવા **શ્રીશં**કર આ પૃથિવીપર અવતાર ધારણ કરશે. તેઓશ્રી બ્રહ્મનામવાળું જે જ્ઞાન છે તે જ્ઞાન જેમાં રહ્યું છે એ **બ્રહ્મસૂત્ર**નામના શાસ્ત્રનો જિજ્ઞાસુઓને ઉપદેશ કરશે.

ઉપરના નિરૂપણથી સર્વ શ્રુતિઓ, સ્મૃતિઓ, ઇતિહાસો ને પુરાણો આદિના તાત્પર્યના વિષયીભૂત સજાતીય, વિજાતીય ને સ્વગત-ભેદથી રહિત, નિત્યશુદ્ધ, નિત્યબુદ્ધ ને નિત્યમુક્તસ્વભાવવાળું, સચ્ચિ-દાનંદઘન અને સર્વ વિશેષોથી રહિત પરબ્રહ્મજ છે એમ સંશયરહિત સિદ્ધ થાય છે.

એવી રીતે કેવલાદ્વૈતજ **શ્રીવ્યાસ**ભગવાનનો સિદ્ધાંત છે એમ પ્રમાણ ને યુક્તિથી સિદ્ધ કરી બતાવ્યું, તેથી રામાનુજમતનું અને માધ્વમતનું નિરાકરણ થયેલું ગણાય, પણ **શ્રીવ્યાસ**ભગવાનના પ્રતિ-વાદીઓ **શ્રીકપિલ** અને **શ્રીક**ણાદ આદિ સૂત્રકારો જેમણે કેવલાદ્વૈત-સિદ્ધાંતના ખંડનપૂર્વક પોતાના ભેદવાદનું મંડન કરેલું છે તેમના મતોનું જ્યાંસુધી ખંડન કરવામાં ન આવે ત્યાંસુધી કેવલાદ્વૈતસિદ્ધાંતનું

સુદૃઢ સ્થાપન સ્થિર થયું મનાય નહિ, એમ જો તમે શંકા કરો તો તેનું સમાધાન આ પ્રમાણે છેઃ—અહીં અમે **શ્રીવ્યાસભગવાન**ના પ્રતિવાદીઓ જે **શ્રીકપિલ** અને **શ્રીકણાદ** આદિ છે તેમના મતોનું ખંડન કરવામાટે કેવલાદ્વૈતસિદ્ધાંતને સિદ્ધ કરનાર પ્રમાણો જણાવવાનો આરંભ કર્યો નથી, પરંતુ **શ્રીકપિલાદિકે** જણાવેલા **શ્રીવ્યાસભગવાન**ના સિદ્ધાંતના અનુવાદના બલવડે **શ્રીવ્યાસભગવાન**ના સિદ્ધાંતના વિષયીભૂત અર્થનો નિર્ણય કરવામાટે પ્રવૃત્ત થયા છીએ, અને જ્યારે તે નિર્ણય થઈ ચૂક્યો ત્યારે હવે **શ્રીવ્યાસભગવાન**ની શિષ્યપરંપરામાં જે સમર્થ વિદ્વાનો હોય તેમણે **શ્રીકપિલ**ના અને **શ્રીકણાદ** આદિના સિદ્ધાંતોનું વિશેષ ખંડન કરી કેવલાદ્વૈતસિદ્ધાંતને સ્થાપન કરવા પ્રયત્ન કરવો જોઇએ, તે કામ એકલા અમારેજ કરવું જોઈએ એવું અમારા ઉપર કોઇ પણ પ્રકારનું બંધન નથી.

સર્વ ભેદવાદીઓના મતનું ખંડન પૂજ્યચરણ **શ્રીશંકરાચાર્યકૃત શારીરકભાષ્યમાં**, **શ્રીપ્રકાશાત્મમુનિકૃત પંચપાદિકાવિવરણમાં**, **શ્રીવાચસ્પતિમિશ્રકૃત શારીરકભાષ્યપરની ભામતીનામની ટીકામાં**, **શ્રીઅમલાનંદમુનિકૃત કલ્પતરુનામના ભામતીટીકાના વ્યાખ્યાનમાં**, **શ્રીઅપ્પયદીક્ષિતકૃત પરિમલનામની** ઉપર જણાવેલા કલ્પતરુનામના ગ્રંથની ટીકામાં અને **શ્રીવિદ્યારણ્યસ્વામિપ્રણીત પંચદશીમાં** ને **વિવરણપ્રમેયસંગ્રહ** ઇત્યાદિ લેખોમાં શ્રુતિ, યુક્તિ અને વિદ્વાનોના અનુભવના આધારે કરવામાં આવ્યું છે, અને તે ગ્રંથોમાં કેવલાદ્વૈતસિદ્ધાંતનું મંડન પણ કરવામાં આવ્યું છે. જો પૂર્વપક્ષી કહે કે જેમ અભેદનું પ્રતિપાદન કરનાર શ્રુતિ, યુક્તિ અને અનુભવ મળી આવે છે તેમ ભેદનું પ્રતિપાદન કરનાર શ્રુતિ, યુક્તિ અને અનુભવ પણ મળી આવે છે, તો પછી કેવલાદ્વૈતજ શ્રુતિમાં પ્રતિપાદન કર્યું છે એમ

બ્રહ્મસૂત્ર અને તે પરનાં ભાષ્યાદિથી કેમ નક્કી કરી શકાય ? તો તેના સમાધાનમાં કહેવાનું કેઃ—નીચેનાં સૂતસંહિતાનાં વચનોથી તમારી શંકાનું સમાધાન થઈ જાય છેઃ—

"द्वितीयाद्वै भयं जन्तोर्भवतीत्याह हि श्रुतिः।
को मोहः कस्तदा शोक एकत्वमनुपश्यतः ॥१॥
इति चाह हि सा साध्वी श्रुतिरद्वैतमास्तिकाः।
एकत्वमिति वाक्यार्थो नापरो मुनिसत्तमाः।
स्तुतिनिन्दे विरुद्ध्येते यदि भेदो विवक्षितः ॥२॥"

ભાવાર્થઃ—પ્રાણીને દ્વૈતથી (ભેદજ્ઞાનથી) ભય થાય છે એમ **द्वितीयाद्वै भयं भवति** (દ્વિતીયથી અવશ્ય ભય થાય છે,) એ પ્રસિદ્ધ શ્રુતિ કહે છે, અને જે એકપણાને ગુરુના ને શાસ્ત્રના ઉપદેશથી જોનારો છે તેને ભ્રાંતિ શી ? અને તે કાલે તેને શોક પણ શો ? ૧ તે પ્રમાણે શુક્લયજુર્વેદની પવિત્ર શ્રુતિ કહે છે, તો હે આસ્તિક શ્રેષ્ઠમુનિઓ ! એકપણું શ્રુતિનાં વાક્યોનો અર્થ છે, બીજો અર્થ નથી. જો શ્રુતિને ભેદ કહેવાને ઇચ્છિત હોય તો ઉપરની શ્રુતિઓમાં જણાવેલી નિંદા અને સ્તુતિ બંને પરસ્પર વિરોધ પામે. ૨

ઉપક્રમ–ઉપસંહારની એકતા ઈત્યાદિ તાત્પર્યનો નિર્ણય કરનારાં છ લિંગોવડે અભેદનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ પોષણ પામતી હોવાથી લૌકિકરીતે ભેદનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓથી તે વિશેષ બલવતી છે એમ સિદ્ધ થાય છે.

"स च नारायणस्यांशो भगवान् बादरायणः" (ભગવાન્ નારાયણના અંશરૂપ તે ભગવાન્ બાદરાયણ અવતર્યા,) ત્યાંથી પ્રારંભીને **"सूत्रयामास वेदांतवाक्यार्थं शंकराज्ञया"** (ભગવાન્ મહેશ્વરની આજ્ઞાવડે તેઓશ્રીએ વેદાંતનાં વાક્યોના અર્થને સૂત્રરૂપે

ગુંથ્યો, અર્થાત્ બ્રહ્મસૂત્રો રચ્યાં.) ત્યાંસુધીનાં આ લેખમાં આગળ આપેલાં પુરાણનાં વચનો તથા "**अथातो ब्रह्मजिज्ञासा**" (વિવેકાદિ સાધન સંપાદન કર્યા પછી કર્મનું ફલ અનિત્ય અને જ્ઞાનનું ફલ નિત્ય છે, માટે જિજ્ઞાસુએ બ્રહ્મનો વિચાર કરવો,) ઇત્યાદિ **શ્રીવ્યાસ**ભગવાનનાં બ્રહ્મસૂત્રો, ઉપનિષદોએ પ્રતિપાદન કરેલા બ્રહ્મસ્વરૂપના નિર્ણયનું કેવલાદ્વૈતને લાગુ પડવાપણું છે એમ જણાવવા પ્રવૃત્ત થયાં છે તેથી **શ્રીવ્યાસ**ભગવાનને અભિમત જે કેવલાદ્વૈત છે તેજ સર્વ ઉપનિષદોના મહાતાત્પર્યના વિષયરૂપ છે એમ ઇચ્છા ન હોય તોપણ દ્વૈતવાદીને બલાત્કારે સ્વીકારવું પડે એમ છે.

શ્રીકપિલ, **શ્રીકણાદ**, **શ્રીગૌતમ**, **શ્રીપતંજલિ** તથા **શ્રીજૈમિનિ** આદિ સર્વજ્ઞજેવા ઋષિઓએ નિર્માણ કરેલાં દ્વૈતનું પ્રતિપાદન કરનારાં ઘણાં શાસ્ત્રો છે, તેથી "જે સંખ્યામાં ઘણા હોય તેને મનુષ્યે અનુસરવું જોઇએ," એ લૌકિકન્યાયપ્રમાણે તેમણે માનેલું જે દ્વૈત તેજ ગ્રહણ કરવાયોગ્ય ગણાય. જો એમ ઠરે તો પછી **શ્રીવ્યાસ**ભગવાને સ્વીકારેલા કેવલાદ્વૈતમતને સર્વ મનુષ્યોએ શામાટે સ્વીકારવો જોઇએ? જો તમે કહો કે "સેંકડો આંધળા હોય તોપણ તે જોઈ શકે નહિ, પણ એક દેખતો જોઇ શકે," એ ન્યાયે તે સઘળા દર્શનકારો ભ્રમણાને વશ થયા છે, તો અમે કહીએ છીએ કે સર્વજ્ઞજેવા **શ્રીકપિલાદિ** ઋષિઓને ભ્રાંતિને વશ થયેલા કહેવા તે અનુચિત છે, તો તેના સમાધાનમાં અમે કહીએ છીએ કે **શ્રીકપિલ** અને **શ્રીપતંજલિ** પ્રકૃતિને આ જગતનું કારણ કહે છે, ને **શ્રીગૌતમ** અને **શ્રીકણાદ** પરમાણુને આ જગતનું કારણ કહે છે, એમ તેમણે પરસ્પર વિરોધવાળાં દર્શનો આ જગતમાં પ્રવૃત્ત કર્યાં છે તેથી તેઓ એકમતવાળા નથી, એટલે ઘણાનો મત હોય તેનેજ અનુસરવું આ લૌકિકન્યાય

આ વિષયમાં લાગુ થઈ શકતો નથી, તેથીજ કોઇ વિદ્વાને નીચે પ્રમાણે કહ્યું છેઃ—

" कपिलो यदि सर्वज्ञः कणादो नेति का प्रमा ?
तावुभावपि सर्वज्ञौ मतभेदः कथं भवेत् ?"

ભાવાર્થઃ—જો **શ્રીકપિલ** સર્વજ્ઞ હતા એમ કહેવામાં આવે તો **શ્રીકણાદ** સર્વજ્ઞ નહોતા એમ કહેવામાં શું પ્રમાણ છે? જો **શ્રીકપિલને** ને **શ્રીકણાદને** સર્વજ્ઞ માનવામાં આવે તો પછી તે બેના અભિપ્રાયમાં ભેદ કેવી રીતે સંભવી શકે?

ઘણાનો મત હોય તેને અનુસરવું એ લૌકિકન્યાયમાં ઉપર જણાવેલી રીતે વિકલ્પો ઉપજે છે, એટલે એ લૌકિકન્યાયને અનુસરી શકાય એમ નથી. જીવનું, ઈશ્વરનું ને જગત્‌નું સ્વરૂપ સમજાવવામાટે નીચે જણાવેલાં ૭ દર્શનોની પ્રવૃત્તિ છે એમ વિદ્વાનો કહે છેઃ—

" कणादस्याक्षपादस्य व्यासस्य कपिलस्य च ।
पतंजलेर्जैमिनेश्च दर्शनानि भवंति षट् ॥"

ભાવાર્થઃ—શ્રીકણાદ, શ્રીગૌતમ, શ્રીવ્યાસ, શ્રીકપિલ, શ્રીપતંજલિ અને **શ્રીજૈમિનિ** એ ૭ દર્શનકારોએ રચેલાં ૭ આસ્તિક દર્શનો છે.

એ ૭ દર્શનકારોના પોતપોતાના દર્શનમાં જણાવેલા જે સિદ્ધાંતો છે તેમાં એકજ સિદ્ધાંત ૭ દર્શનકાર મહર્ષિઓને સંમત હોય એમ માનવું ઉચિત છે. જો બીજી રીતે એટલે તેઓના સિદ્ધાંતો પરસ્પરમાં વિરોધવાળા છે એમ માનવામાં આવે તો **શ્રીવ્યાસ** અને **શ્રીકપિલા**-દિ સર્વ મહર્ષિઓનું ભ્રાંતપણું માનવું પડે, જે યોગ્ય નથી, તેથી જે અર્થનો સ્વીકાર કરવાથી તે સર્વ મહર્ષિઓનું ભ્રાંતિરહિતપણું સિદ્ધ થાય તેજ અર્થ આસ્તિક દ્વિજોએ ગ્રહણ કરવાયોગ્ય મનાય. **શ્રી**-કપિલકણાદ આદિકના તેમના પોતપોતાના દર્શનમાં સિદ્ધાંતરૂપે જણા-

વેલા દ્વૈતાદિ મતો ઉપનિષદોથી વિરુદ્ધ હોવાથી તેમના સિદ્ધાંતનો અંગીકાર કરતાં તે મહર્ષિઓને ભ્રાંતિયુક્ત મનવાળા માનવા પડે, આમ હોવાથી સર્વ ઉપનિષદોના તાત્પર્યના વિષયીભૂત **શ્રીવ્યાસભગવાન્‌ના** સિદ્ધાંતરૂપ કેવલાદ્વૈતજ તે સર્વને સંમત છે એમ માનવામાં કોઈ પણ રીતનો વિવાદ નહિ રહે. વાસ્તવિકરીતે તો **શ્રીકપિલ** અને **શ્રીગૌતમ-કણાદ** આદિ મહર્ષિઓને કેવલાદ્વૈતજ ઇચ્છિત છે એમ શ્રીમદ્‌**ભાગવત** આદિ પુરાણોનું અવલોકન કરવાથી નક્કી થાય છે. શ્રીમદ્‌-**ભાગવતના** ત્રીજા સ્કંધના બત્રીશમા અધ્યાયમાં **શ્રીકપિલમુનિનાં** નીચે પ્રમાણે વચનો જોવામાં આવે છે:--

श्रीकपिलः—"ज्ञानमात्रं परं ब्रह्म परमात्मेश्वरः पुमान् ।
दृश्यादिभिः पृथग्भावैर्भगवानेक ईयते ॥२६॥"
"ज्ञानमेकं पराचीनैरिन्द्रियैर्ब्रह्मनिर्गुणम् ।
अवभात्यर्थरूपेण भ्रांत्या शब्दादिधर्मिणा ॥२८॥"

ભાવાર્થઃ--શ્રીકપિલજી કહે છેઃ—પરબ્રહ્મ જ્ઞાનસ્વરૂપ હોઈને એકજ છે, પણ જોનારો, જોવાની વસ્તુ ને દર્શન એ ભાવનાવડે તે ભિન્નભિન્નરૂપે જણાય છે. કોઈ તેને બ્રહ્મ, કોઈ તેને પરમાત્મા, કોઈ તેને ઈશ્વર, કોઇ તેને પુરુષ ને કોઈ તેને ભગવાન્ એમ કહી તેનું વર્ણન કરે છે. ૨૬ મનુષ્યોની ઇંદ્રિયો બહિર્મુખ હોવાથી કેવલ જ્ઞાનસ્વરૂપ અને નિર્ગુણ એવું પરબ્રહ્મજ વાસ્તવિક છતાં તે તેને ભ્રમવડે શબ્દાદિ-ધર્મવાળા આકાશાદિરૂપે પ્રતીત થાય છે. ૨૮

ઉપરનાં વચનોથી **શ્રીકપિલમુનિનો** મત કેવલાદ્વૈતજ છે એમ નક્કી થાય છે. **બ્રહ્મવૈવર્તપુરાણનાં** નીચેનાં વચનોપરથી **શ્રીગૌતમ-મુનિનો** મત પણ કેવલાદ્વૈત છે એમ સ્પષ્ટ પ્રતીત થાય છે:—

श्रीगौतमः—"नमो जप्येश्वरेशाय स्वान्यहीनाय शंभवे ।
तत्त्वानां परतत्त्वाय स्वयंभानाय हेतवे ॥१॥

चिच्छक्तिर्जडशक्तिश्च तत्कार्याणि च तद्भिदा ।
तत्त्वतो यत्स्वरूपं हि विद्यते न पृथक्त्वतः ।
तस्मै जप्येश्वरेशाय नमोऽद्वैतस्वरूपिणे ॥२॥
उत्तमा मध्यमा हीना ये च जीवाः पृथग्विधाः ।
तत्त्वतो नातिरिच्यन्ते यस्मात्साम्यान्महेश्वरात्।
तस्मै पंचनदेशाय नमो वै सर्वसाक्षिणे ॥३॥
यत्सत्ता जगतः सत्ता यत्सत्तां न विना जगत्।
यस्य भासा जगद्भानं यं विना न जगत्पृथक्॥४॥
आदित्यः सोम अग्निश्च यद्भासा भान्ति नित्यशः।
तस्मै जप्येश्वरेशाय नमोऽद्वैतस्वरूपिणे ॥५॥
यदानन्दोऽखिलानन्दो विभाति स्वयमेव हि ।
यः शिवः परमानन्दो वर्तते सर्वजन्तुषु ।
तस्मै जप्येश्वरेशाय नमो वै सर्वसाक्षिणे ॥६॥

ભાવાર્થઃ—શ્રીગૌતમઋષિ કહે છેઃ—સ્મરણ કરવાયોગ્ય, બ્રહ્માદિ નિયંતાના પણ નિયંતા, પોતાના સ્વરૂપથી ભિન્ન અન્ય પદાર્થોથી રહિત, પ્રાણીઓનું કલ્યાણ કરનારા, મહદાદિ તત્ત્વોના પણ પરમતત્ત્વરૂપ, સ્વયંપ્રકાશરૂપ અને આ સર્વના કારણરૂપને મારા પ્રણામ છે. ૧ ચેતનશક્તિ, જડશક્તિ અને તેનાં કાર્યો તથા તેના ભેદો વાસ્તવિકરૂપે જે સ્વરૂપ છે, પણ તે જેમનાથી વસ્તુતાએ પૃથક્પણાથી વિદ્યમાન નથી તે સ્મરણ કરવાયોગ્ય ને બ્રહ્માદિ દેવોના નિયામક અદ્વૈતસ્વરૂપને મારા પ્રણામ હો. ૨ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા જે ભિન્ન ભિન્ન પ્રકારના જીવો છે, તે પ્રકૃતિસહિત મહેશ્વરથી વસ્તુતાએ ભેદ પામતા નથી, તે પાંચ પ્રાણના નિયામક અને સર્વના સાક્ષીને મારા પ્રણામ હો. ૩ જેની સત્તા એજ જગતની સત્તા છે, જેની સત્તાવિના આ જગતની સત્તા નથી, જેના પ્રકાશ-

વડે આ જગતનું ભાન થાય છે, અને જેના વિના આ જગત્ ભિન્ન રહી શકતું નથી. ૪ સૂર્ય, ચંદ્ર અને અગ્નિ જેના પ્રકાશવડે સ્થિતિકાલે નિત્ય પ્રકાશે છે, તે સ્મરણ કરવાયોગ્ય, બ્રહ્માદિ દેવોના નિયંતા અદ્વૈતસ્વરૂપને મારા પ્રણામ હો. ૫ જે આનંદરૂપ હોઇને સમગ્ર આનંદરૂપે પોતેજ પ્રકાશી રહ્યા છે, જે કલ્યાણસ્વરૂપ સર્વ પ્રાણીઓમાં પરમાનંદરૂપે રહે છે, તે સ્મરણ કરવાયોગ્ય, બ્રહ્માદિ દેવોના નિયંતા અને સર્વના સાક્ષિરૂપને મારા પ્રણામ હો. ૬

ઉપરનાં **શ્રીગૌતમઋષિ**નાં વચનોવડે તેમનો સિદ્ધાંત કેવલાદ્વૈત છે એમ સ્પષ્ટ પ્રતીત થાય છે. **શ્રીશિવ**પુરાણની ૧૧મી રુદ્રસંહિતામાં **શ્રીવ્યાસ**ભગવાનનો તથા **શ્રીજૈમિનિ**નો નીચે પ્રમાણે સંવાદ છે. તે સંવાદ જોતાં **શ્રીજૈમિનિ**ઋષિનો પણ કેવલાદ્વૈતમત છે એમ સ્પષ્ટ જણાય છેઃ—

શ્રીજૈમિનિઃ—"**अहं हि भवतः साक्षाच्छिष्यभूतः सुशिक्षितः ।**
तथापि मेऽपरोक्षं तु ज्ञानं नास्ति महामुने ।
तस्य मे मुक्त्युपायं तु वद कारुण्यतोऽजसा ॥१॥"

શ્રીસૂતઃ—"**इति पृष्टो मुनिः श्रीमान्महाकारुणिकोत्तमः ।**
आहूय जैमिनिं मां च रहस्येतदुवाच ह ॥२॥"

શ્રીવ્યાસઃ—"**साधु पृष्टं त्वया वत्स लोकानां च हितप्रदम् ।**
वदाम्यहमुपायं ते तवान्येषां च मुक्तिदम् ॥३॥
सांबमूर्तिप्रसादेन नाज्ञातं मम विद्यते ।
ज्ञानादेव विमुक्तिः स्यान्नान्यथा कर्मकोटिभिः ॥४॥
ज्ञानं वेदान्तजं ज्ञानमज्ञानं चान्यदिष्यते ।
जीवब्रह्मैक्यविषयं तदेव स्यान्न चेतरत् ॥५॥
तच्च शंभोः प्रसादेन गुरोश्चैव प्रसादतः ।
तथा वेदांतवाक्यानां तात्पर्यस्य विचारणात् ।
जायते तच्छिवज्ञानं नान्यथा सत्यमीरितम् ॥६॥

ભાવાર્થઃ—શ્રીજૈમિનિઃ—હે ભગવન્! હું આપનો ઉત્તમ પ્રકારે શાસ્ત્રશિક્ષણ પામેલો શિષ્ય છું, તોપણ હજી મને બ્રહ્મનું અપરોક્ષજ્ઞાન થયું નથી, તો હે મહામુને! આપ મારા ઉપર દયા લાવી મને મોક્ષનું યથાર્થ સાધન કહો. ૧ **શ્રીસૂતઃ**—એવી રીતે **શ્રીજૈમિનિ**એ **શ્રીવ્યાસભગવાન**ને પૂછ્યું ત્યારે મહાદયાલુ **શ્રીવ્યાસભગવાને** મને તથા **શ્રીજૈમિનિ**ને એકાંતદેશમાં લઇ જઇને નીચે પ્રમાણે કહ્યું:— ૨ **શ્રીવ્યાસઃ**—હે પુત્ર જૈમિને! તમે ઘણું સારું પૂછ્યું જે અન્ય સાંભળનારા મનુષ્યોનું પણ કલ્યાણ કરનારું થશે. તમને તથા બીજા મુમુક્ષુઓને મોક્ષ આપનારું સાધન હું તમને જણાવું છું. ૩ **શ્રીપાર્વતી**-સહિત **શ્રીમહેશ્વર**ની કૃપાથી મને આ વિશ્વમાં કંઇ પણ અજ્ઞાત નથી. બ્રહ્મજ્ઞાનથીજ મુમુક્ષુને મોક્ષલાભ થાય છે, બીજાં કરોડો કર્મોથી પણ મોક્ષલાભ થઇ શકતો નથીજ. ૪ અહીં મોક્ષના સાધનરૂપ જે જ્ઞાન કહ્યું તે વેદાંતવાક્યોના શ્રવણથી ઉપજેલું અંતરાત્માથી અભિન્ન બ્રહ્મનો ઉપદેશ કરનારું જ્ઞાન જાણવું. તે વિનાનું જ્ઞાન અજ્ઞાન કહેવાય છે. ૫ તે કલ્યાણ કરનારું જ્ઞાન **શ્રીસદાશિવ**ની કૃપાવડે અને પોતાના સદ્ગુરુની કૃપાવડે તથા ઉપનિષદોનાં વચનોના તાત્પર્યના વિચારથી ઉત્પન્ન થાય છે, બીજાં સાધનોવડે તે ઉત્પન્ન થતું નથી, આ મેં તમને સત્ય કહેલું છે. ૬

શ્રીસ્કંદપુરાણમાં **શ્રીશેષ**નો અને **શ્રીશિવજી**નો સંવાદ છે, તેમાં **શ્રીસદાશિવે** **શ્રીશેષ**ના અવતારરૂપ **શ્રીપતંજલિ**ને આ પ્રમાણે કેવલાદ્વૈતનો બોધ કર્યો છે, તેથી **શ્રીપતંજલિ**ના અંતઃકરણનો અભિપ્રાય કેવલાદ્વૈતનોજ છે એમ નક્કી થાય છેઃ—

શ્રીશિવઃ—“यथार्थं मत्स्वरूपस्य लोकैरमिततेजसः ।
अतिगुह्यं स्वसंवेद्यं शृणु त्वं वदतो मम ॥१॥
एष मायासमुत्पन्नः प्रसन्नः कर्मणि स्थितः ।
नैव जानाति मरणं सुखं दुःखं भयं द्विषम् ॥२॥

कल्प्यते नियतं कर्ता मृत्तिकायां यथा घटः ।
मायया मयि कल्प्यंते तथा सर्गादिकाः क्रियाः॥३॥
सकलं निष्कलं चेति मम रूपद्वयं स्मृतम् ।
सकलं चक्षुषा ग्राह्यं ध्येयं च नियतात्मभिः ॥४॥
निष्कलं तु निराकारं निरंजनमनामयम् ।
न तद्दृश्यं न च ध्येयं नैवालोच्यं नृभिः फणिन्॥५॥
तथापि तेऽपि पश्यंति ये बुद्ध्या मत्परायणाः ।
निर्द्वंद्वा निरहंकारा निरस्तकलिकल्मषाः ॥६॥
आशीविष फणीन्द्र त्वां ज्वलद्वह्निविलोचनम् ।
सहस्रं शिरसं दृष्ट्वा भवेल्लोको भयाकुलः ॥७॥
अत्रिर्नाम महातेजास्तथा दिव्यतपोधनः ।
अनसूया च तत्पत्नी पुत्रं त्वां प्राप्तुमिच्छया ॥८॥
कमलाक्षमजं विष्णुं ह्यावपूजयतां चिरम् ।
प्रददौ त्वां तयोः शेष सोऽपि देवः कृपानिधिः ॥९॥
तदा जन्मभयाद्बालो लसत्पंच फणान्वितः ।
तत्पत्न्याः स्नानशुद्धाया दृष्टोऽभूस्त्वं करांजलौ ॥१०॥
पुत्राभिलाषिण्यथ सा करस्थं बालरूपिणम् ।
विलोक्य सहसा भीता त्वाममुंचन्महीतले ॥११॥
पतंजलिसमाख्याऽभूत्तदा तत्पतनाद्भुवि ।
अद्य त्वं तादृशो भूत्वा सहितः प्रज्ञयाऽनया ॥
नाम्ना पतंजलिः ख्यातो ध्यायन्मां हृदि संततम्॥१२॥

ભાવાર્થઃ—શ્રીમહેશ્વર કહે છેઃ—શ્લોકોવડે માપમાં ન આવે એવા પ્રકાશવાળું મારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન જે અતિગુહ્ય અને પોતાના અનુભવથી પોતાને જણાય એવું છે તે હું તમને કહું છું, તે

તમે સાંભળો. ૧ આ માયાથી ઉત્પન્ન થયેલો, સંસારમાં પ્રસન્ન અને કર્મમાં સ્થિત મનુષ્ય મૃત્યુ, સુખ, દુઃખ, ભય અને દ્વેષને જાણતો નથીજ. ૨ જેમ ઘટને બનાવનાર કુંભારરૂપ કર્તા માટીમાં નિયમાનુસાર ઘડાની કલ્પના કરે છે તેમ માયાવડે મારે વિષે સૃષ્ટિની ઉત્પત્તિ આદિ ક્રિયાઓ કલ્પાય છે. ૩ પ્રાણાદિ કલાવાળું અને પ્રાણાદિ કલાથી રહિત એમ મારું બે પ્રકારનું સ્વરૂપ કહ્યું છે. તેમાં જે મારું કલાવાળું રૂપ છે તે નેત્રથી ગ્રહણ કરી શકાય એવું અને અંતઃકરણને વશ રાખનારાઓવડે ધ્યાન કરી શકાય એવું છે. ૪ હે શેષ! મારું જે કલારહિત, નિરાકાર, નિરંજન અને નિરામય સ્વરૂપ છે તે નેત્રનો વિષય થઈ શકે એવું નથી, અને ધ્યાનનો વિષય પણ થઈ શકે એવું નથી, તેમજ મનુષ્યોવડે વિચારી શકાય એવું પણ નથી. ૫ તોપણ જે મનુષ્યો શુદ્ધબુદ્ધિવડે મારે પરાયણ થયા છે, સુખદુઃખ આદિથી રહિત છે, અહંકારથી રહિત છે, અને કલિયુગના દોષોથી રહિત થયા છે, તે મનુષ્યો અવશ્ય મારો સાક્ષાત્કાર કરી શકે છે. ૬ હે તીક્ષ્ણવિષવાળા શેષનાગ! પ્રજ્વલિત અગ્નિજેવાં નેત્રવાળા અને હજાર માથાવાળા તમને જોઇને લોકો ભયવડે વ્યાકુલ થઈ જાય એમ છે. ૭ કોઈ વેલા અત્રિનામના મહાતેજસ્વી ને દિવ્યતપોરૂપ ધનવાળા ઋષિ અને તેમનાં અનસૂયાનામનાં સ્ત્રી તમને પુત્રરૂપે પ્રાપ્ત કરવાની ઇચ્છાવડે કમલના જેવા નેત્રવાળા જન્મરહિત શ્રીવિષ્ણુની લાંબા સમયસુધી પૂજા કરતાં હવાં. પછી હે શેષ! તે કૃપાના ભંડારરૂપ દેવ શ્રીવિષ્ણુ તમને તે બંનેને આપતા હવા. ૮-૯ ત્યારે જન્મના ભયથી ડરેલા તમને શોભીતી પાંચ ફેણોસહિત બાલકરૂપે થઈને સ્નાનવડે શુદ્ધ થયેલાં તે શ્રીઅત્રિનાં પત્નીએ પોતાના ખોળામાં જોયા. ૧૦ તે પુત્રની અભિલાષાવાળાં છતાં પણ પોતાના હાથમાં બાલકરૂપે તમને જોઇને એકાએક ભય પામી તમને પૃથ્વીઉપર મૂકી દેતાં હવાં. ૧૧ ત્યારે

તમે તેમના અંજલિમાંથી ભૂમિઉપર પડવાથી તમારું **પતંજલિ** એવું નામ થયું. આજ તમે તેવા થઇને આ જ્ઞાનયુક્ત બુદ્ધિસહિત હૃદયમાં નિરંતર મારું ધ્યાન કરતા છતા **પતંજલિ** એવા નામવડે પ્રસિદ્ધ થયા છો. ૧૨

શ્રીકણાદઋષિ પણ કેવલાદ્વૈતસિદ્ધાંતને માને છે એમ આગળ જણાવાઈ ગયું છે.

ઉપરના પ્રતિપાદનઉપરથી **શ્રીકપિલ** અને **શ્રીકણાદ** આદિને કેવલાદ્વૈતસિદ્ધાંતજ ઇષ્ટ છે એમ પક્ષપાતરહિત મનુષ્યને સ્પષ્ટ સમજાય એવું છે. ૭ દર્શનોની કેવી રીતે એકવાક્યતા છે એ વિષે અમે ઉપદેશગ્રંથાવલિના ષડ્દર્શનની એકવાક્યતા એ નામના લેખમાં સ્પષ્ટ કરીને જણાવ્યું છે. જેમને એ જાણવાની ઇચ્છા થાય તેમણે ત્યાં જોવું.

શ્રીકપિલકણાદાદિનો મુખ્ય અભિપ્રાય કેવલાદ્વૈત છે, છતાં તેમણે પોતપોતાના દર્શનમાં **શ્રીવ્યાસભગવાને** માનેલા કેવલાદ્વૈતનું જે ખંડન કરેલું જણાય છે તે પોતપોતાના સિદ્ધાંતના અધિકારીઓને પોતપોતાના સિદ્ધાંતમાં આરંભમાં સ્થિર રાખવામાટે ને તેમના અંતઃકરણની યોગ્યતા વધારવામાટે છે. જ્યારે કોઈ કામમાં મનુષ્યને અભિનિવેશ પ્રકટે છે ત્યારે તે પોતાના માનેલા અર્થનું પણ પ્રસંગ આવતાં ઉપરટપકે ખંડન કરવા પ્રવૃત્તિ કરે છે. એવા બનાવ પૂર્વે બનેલા હતા એમ શાસ્ત્રમાં જોવામાં આવે છે, જેમકે **શ્રીવાલ્મીકિ**રામાયણમાં અયોધ્યાકાંડના એકસો આઠમા સર્ગમાં **શ્રીજાબાલિઋષિએ** પોતાનો અભિપ્રાય ગુપ્ત રાખી ભગવાન્ **શ્રીરામચંદ્રજી**પ્રતિ નીચે પ્રમાણે કહ્યું છેઃ—

શ્રીજાબાલિઃ–"अष्टका पितृदैवत्यमित्ययं प्रसृतो जनः ।
अन्नस्योपद्रवं पश्य मृतो हि किमशिष्यति ॥१४॥
यदि [illegible]न्येन देहमन्यस्य गच्छति ।
दद्यात्प्रवसतः श्राद्धं न तत्पथ्यशनं भवेत् ॥१५॥

दानसंवनना ह्येते ग्रन्था मेधाविभिः कृताः ।
यजस्व देहि दीक्षस्व तपस्तप्यस्व संत्यज ॥१६॥
स नास्ति परमित्येव कुरु बुद्धिं महामते ।
प्रत्यक्षं यत्तदातिष्ठ परोक्षं पृष्ठतः कुरु ॥१७॥
सतां बुद्धिं पुरस्कृत्य सर्वलोकनिदर्शनीम् ।
राज्यं त्वं प्रतिगृह्णीष्व भरतेन प्रसादितः॥१८॥

ભાવાર્થ:—શ્રીજાબાલિ કહે છે:—અષ્ટકાદિ પિતૃઓનાં શ્રાદ્ધ-કર્મોને સત્ય માની તેવા ધર્મપરાયણ પુરુષ તે (શ્રાદ્ધ) કરવા પ્રવૃત્ત થાય છે, પણ તે એ શ્રાદ્ધમાં વપરાતાં પોતાના ભોગ્યરૂપ–ખાવાના સાધનરૂપ–અન્નનો મિથ્યા વિનાશજ કરે છે એમ તમારે માનવું. જે મનુષ્ય મૃત્યુને અધીન થયો, તે શું ખાવાનો હતો? ૧૪ વળી જો આ લોકમાં કોઇએ ખાધેલું અન્ન બીજાના દેહમાં જતું હોય તો પછી પ્રવાસ કરનારા મનુષ્યના ઉદ્દેશે તેને શ્રાદ્ધ આપવું, કે જેથી તેને પાથેય (ભાતું) લઇ જવું પડે નહિ, અને તેનો ભાર ઉપાડવાનો શ્રમ દૂર થાય! પણ તેમ થતું નથી; ૧૫ માટે હે રઘુવીર! ખેતી ને વ્યાપાર આદિ કરીને પોતાની આજીવિકા ચલાવવામાં બહુ ક્લેશ પડે છે તેથી તેવો ક્લેશ કર્યા વિના વિનાપરિશ્રમે પોતાની જીવિકા ચાલે તે માટેજ કેટલાક ચતુર પુરુષોએ પામર જીવોને છળવામાટે અને તેમની સમૃદ્ધિ-નું હરણ કરવામાટે દાનાદિ ધર્મોસંબંધી અનેક ગ્રંથો રચ્યા છે, અને તે ગ્રંથોમાં “તું દેવતાઓની પૂજા કર, અન્નાદિનું દાન આપ, યજ્ઞ કરવામાટે દીક્ષા લે, ચાંદ્રાયણાદિ વ્રતરૂપ તપ કર, તથા સર્વનો ત્યાગ કરી, કિંવા બ્રાહ્મણાદિને આપી દઇ, વનમાં ચાલ્યો જા,” એવી રીતનો ઉપદેશ મનુષ્યને કરેલો છે. એવા સ્વાર્થી માણસોએ રચેલા ગ્રંથો પ્રમાણરૂપ નથી; ૧૬ તેથી હે મહાબુદ્ધિશાલી! આ લોકના સુખ-

ઉપરાંત ધર્મવડે પરલોકમાં કશું સુખ પ્રાપ્ત થતું નથીજ એ કથન સત્ય માની અનુમાનથી ધારવામાં આવે છે એવા પરોક્ષસુખનો ત્યાગ કરીને જે પ્રત્યક્ષસુખ છે તેનુંજ તમે સેવન કરો, ૧૭ અને સર્વ લોકને સંમત એવી પ્રત્યક્ષસિદ્ધ વસ્તુજ સત્ય છે એમ કહેનારા સત્પુરુષોની બુદ્ધિને અનુસરીને ભરતની પ્રાર્થનાપ્રમાણે તમે રાજ્ય ગ્રહણ કરો. ૧૮

તેના ઉત્તરમાં શ્રીરામચંદ્રજીએ તેજ ગ્રંથના તેજ કાંડના ૧૦૯મા સર્ગમાં નીચે પ્રમાણે કહ્યું છે:—

श्रीरामः—

"सत्यं च धर्मं च पराक्रमं च भूतानुकंपां प्रियवादितां च ।
द्विजातिदेवातिथिपूजनं च पन्थानमाहुस्त्रिदिवस्य सन्तः ॥३१॥
तेनैवमाज्ञाय यथावदर्थमेकोदयं संप्रतिपद्य विप्राः ।
धर्मं चरंतः सकलं यथावत् कांक्षंति लोकागममप्रमत्ताः ॥३२॥
निंदाम्यहं कर्म कृतं पितुः तद्यस्त्वामगृह्णद्विषमस्थबुद्धिम् ।
बुद्ध्यानयैवं विधया चरंतं सुनास्तिकं धर्मपथादपेतम् ॥३३॥
यथा हि चोरः स तथा हि बुद्धस्तथागतं नास्तिकमत्र विद्धि।
तस्माद्धि यः शंक्यतमः प्रजानां न नास्तिकेनाभिमुखो बुधः
स्यात् ॥३४॥
त्वत्तो जनाः पूर्वतरेऽवराश्च शुभानि कर्माणि बहूनि चक्रुः।
जित्वा सदेमं च परं च लोकं तस्माद् द्विजाः स्वस्ति हुतं
कृतं च ॥३५॥
धर्मे रताः सत्पुरुषैः समेतास्तेजस्विनो दानगुणप्रधानाः ।
अहिंसका वीतमलाश्च लोके भवन्ति पूज्या मुनयः प्रधानाः॥३६॥

ભાવાર્થ:--શ્રીરામચંદ્રજી કહે છે:--સત્ય, ધર્મ, પરાક્રમ, સર્વ

પ્રાણીઓઉપર દયા, પ્રિયવચન બોલવાપણું અને બ્રાહ્મણ, દેવ તથા અતિથિઓનું પૂજન એ સ્વર્ગપ્રતિ જવાનાં સાધન છે એમ સત્પુરુષો કહે છે, ૩૧ માટે સત્પુરુષોનાં વચનોથી એ મુખ્ય ધર્મને જાણી, તેમજ જાણ્યા પછી અનુકૂલ તર્કવડે તેનો નિર્ણય કરી, સાવધાન બ્રાહ્મણો તો સકલ ધર્મનું યથાર્થ આચરણ કરીને ઉત્તમલોકની પ્રાપ્તિની ઇચ્છા કરે છે. ૩૨ હે જાબાલે ! તમે કે જે વેદમાર્ગનો ત્યાગ કરી દુષ્ટમાર્ગે પ્રવર્તેલા, પ્રત્યક્ષપ્રમાણવાદી, નાસ્તિકમતને અનુસરેલી મતિવડે સર્વલોકનો નાશ કરવાસારુ અતિનાસ્તિક તથા ધર્મથી ભ્રષ્ટ થયેલા છતાં ઉપરથી ઋષિજેવા લાગનારા છો, તેવા તમને મારા પિતા દશરથરાજાએ યાજકરૂપે તથા પ્રધાનરૂપે ગ્રહણ કર્યા તેથી તેમના તે કાર્યને ખરેખર હું યોગ્ય ગણતો નથી. ૩૩ અરે ! જેમ ચોર પ્રજાના હિતનેમાટે બુદ્ધિમાન્ રાજાએ દંડવાયોગ્ય છે તેમજ બુદ્ધમતાનુયાયી મનુષ્ય પણ દંડવાયોગ્યજ છે, ને નાસ્તિક(ચાર્વાક)મતાનુસારી તો અતિશયજ શિક્ષાને પાત્ર છે, માટે શિક્ષાને અયોગ્ય બુધજનો—સુજ્ઞ બ્રાહ્મણો—આમ તમારી પેઠે નાસ્તિકમતના અગ્રેસર થતા નથી, તેમ તેવું ભાષણ કદીપણ કરતા નથી. ૩૪ હે જાબાલે ! તમારા વિના પૂર્વના બીજા શ્રેષ્ઠ દ્વિજોએ આલોક પરલોકના ફલની કામનાનો ત્યાગ કરીને અનેક શુભકર્મો કર્યાં છે, તેમાટેજ તેઓ દ્વિજ એ નામને યોગ્ય છે, કારણકે તેઓએ વેદે પ્રમાણ કરેલા અહિંસા, સત્ય, તપ, દાન, પરોપકાર તથા યજ્ઞાદિ શુભકર્મોનું આચરણ કરેલું છે. વળી તેવાજ એટલે ધર્મરત, સત્પુરુષોસાથેજ સમાગમ કરનારા, તેજસ્વી, દાનગુણપ્રધાન, અહિંસક અને નિષ્પાપ એવા શ્રીવસિષ્ઠાદિજેવા ઋષિઓજ આ જગતવિષે પૂજ્ય થાય છે, તમારા જેવા નહિ. ૩૫—૩૬

[અપૂર્ણ]